
# સ્વાધ્યાય 9.3

**1. 1998 થી 2002 દરમિયાન સરકારે ખરીદેલ ઘઉંનો જથ્થો દર્શાવતો લંબ આલેખ આપેલ છે. લંબ આલેખ વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**





**(i) ઘઉંનું ઉત્પાદન ક્યા વર્ષમાં સૌથી વધુ હતું ?**

જ. ઘઉંનું ઉત્પાદન વર્ષ 2002 માં સૌથી વધુ હતું.

**(ii) ઘઉંનું ઉત્પાદન ક્યા વર્ષમાં સૌથી ઓછું હતું ?**

જ. ઘઉંનું ઉત્પાદન વર્ષ 1998 માં સૌથી ઓછું હતું.

**2. નીચે આપેલા લંબ આલેખ જે સોમવાર થી શનિવાર સુધીમાં તૈયાર વસ્ત્રની દુકાનમાંથી વેચેલાં 'શર્ટ' દર્શાવે છે. આ અલેખનું અવલોકન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**




**(a) ઉપરનો લંબ આલેખ કઈ માહિતી આપે છે ?**

જ. ઉપરનો લંબ આલેખ સોમવાર થી શનિવાર સુધીમાં તૈયાર વસ્ત્રની દુકાનમાંથી વેચેલાં 'શર્ટ' દર્શાવે છે.

**(b) શર્ટની સંખ્યા દર્શાવવા માટે આડી હરોળ પર ક્યું પ્રમાણમાપ પસંદ કરેલ છે ?**

જ. શર્ટની સંખ્યા દર્શાવવા માટે આડી હરોળ પર 1 એકમ લંબાઈ = 5 શર્ટ પ્રમાણમાપ પસંદ કરેલ છે.

(c) **ક્યા દિવસે સૌથી વધુ શર્ટનું વેચાણ થયું છે ? તે દિવસે કેટલાં શર્ટ વેચાયાં ?**

જ. શનિવારના દિવસે સૌથી વધુ શર્ટનું વેચાણ થયું છે. શનિવારે 60 શર્ટ વેચાયાં.


(d) **ક્યા દિવસે સૌથી ઓછી સંખ્યામાં શર્ટ વેચાયાં ?**

જ. મંગળવારના દિવસે સૌથી ઓછી સંખ્યામાં શર્ટ વેચાયાં.

(e) **ગુરુવારે કેટલાં શર્ટ વેચાયાં ?**

જ. ગુરુવારે 35 શર્ટ વેચાયાં.

2. **લંબ આલેખનું અવલોકન કરો. જે અઝીઝે અર્ધવાર્ષિક પરીક્ષામાં જુદા-જુદા વિષયમાં મેળવેલ માર્ક્સ દર્શાવે છે. આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો :**




(a) **લંબ આલેખ કઈ માહિતી દર્શાવે છે ?**

જ. લંબ આલેખ અઝીઝે અર્ધવાર્ષિક પરીક્ષામાં જુદા-જુદા વિષયમાં મેળવેલ માર્ક્સ દર્શાવે છે.

(b) **અઝીઝે સૌથી વધુ માર્ક્સ મેળવ્યા છે તે વિષય લખો.**

જ. અઝીઝે સૌથી વધુ માર્ક્સ હિન્દી વિષયમાં મેળવ્યા છે.

(c) **અઝીઝે સૌથી ઓછા માર્ક્સ મેળવ્યા છે તે વિષય લખો.**

જ. અઝીઝે સૌથી ઓછા માર્ક્સ સમાજશાસ્ત્ર વિષયમાં મેળવ્યા છે.

(d) **દરેક વિષયના નામ અને દરેકમાં મેળવેલ માર્ક્સ લખો.**

જ. હિન્દી 80, અંગ્રેજી 60, ગણિત 70, વિજ્ઞાન 50, સમાજશાસ્ત્ર 40.